"ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઈરીગેશન માટે
પ્રવર્તમાન વહેણ સિંચાઈ દરોમાં ૫૦ ટકા રાહત
આપવા બાબત."

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક: ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૦૬/૨૦૨૦

**વંચાણે લીધાં:**

નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી, તા.03/૦૨/૨૦૦૭.

**પૂર્વભૂમિકા:**

રાજ્યના સિંચાઈ જળાશયો, નહેરો, નોટિફાઈડ નદીઓ વગેરેમાંથી ખેતી વિષયક હેતુઓ અને બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દર અને તેની શરતો તા.03/૦૨/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી અન્વયે નક્કી કરવામાં આવેલ છે. જેમાં જોગવાઈ નં.૪ નીચે મુજબની છે.

"ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઈરીગેશનમાં સતત પાણી આપવાની પ્રક્રિયા હોય છે. તેથી તેમાં પરંપરાગત રીતે પાણીની સંખ્યા નક્કી કરી શકાય નહીં. આથી, ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઈરીગેશન દ્વારા લેવાતા જે-તે પાકમાં, સિંચાઈની પ્રત્યેક સિઝનમાં જેટલા સરાસરી પાણ વહેણ સિંચાઈમાં જરૂરી બનતા હોય તેટલા પાણની ગણતરી કરીને તે મુજબના કુલ દરના ડ્રીપ ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરના ૩૫ ટકા દર અને સ્પ્રીંકલર ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરોના ૬૫ ટકા દર રહેશે."

રાજ્યમાં માઇક્રો ઈરીગીશન સીસ્ટમનો વ્યાપ વધારવા માટે અને સિંચાઇના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જે ખેડૂત હયાત કેનાલના માળખામાંથી પાણી મેળવે છે, તેઓ માઇક્રો ઈરીગેશન સીસ્ટમ મારફત સિંચાઇ કરે/માઇક્રો ઈરીગેશન સીસ્ટમ અપનાવે તે માટે તેઓને ઉપર મુજબના દરોમાં ૫૦% રાહત આપવામાં આવે તો ખૂબ જ ઝડપથી માઇક્રો ઈરીગેશનનો વ્યાપ વધી શકે અને પાણીનો કરકસરયુકત અને કાર્યક્ષમ ઉપયોગ થાય મર્યાદિત પાણીના જથ્થાથી વધુને વધુ વિસ્તારને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવી શકાય, પાક ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં પણ વધારો થાય.

ઉપર્યુક્ત બાબતોને ધ્યાને રાખીને ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઇરીગેશનના દરમાં ૫૦% રાહત આપવાની બાબત વિચારણા હેઠળ હતી.જેના અનુસંધાને જળસંપત્તિ વિભાગ દ્વારા ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઈરીગેશન દ્વારા લેવાતા જે-તે પાકમાં, સિંચાઈની પ્રત્યેક સિઝનમાં જેટલા સરાસરી પાણ વહેણ સિંચાઈમાં જરૂરી બનતા હોય તેટલા પાણની ગણતરી કરીને તે મુજબના કુલ દરના ડ્રીપ ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરના ૧૭.૫ ટકા દર અને સ્પ્રીંકલર ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરોના ૩૨.૫ ટકા દર થાય.

**(P.T.O.)**

**ઠરાવ:**

ડ્રીપ ઈરીગેશન તથા સ્પ્રીંકલર ઈરીગેશન દ્વારા લેવાતા જે-તે પાકમાં, સીસ્ટમનો વ્યાપ વધારવા માટે અને સિંચાઇના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે જે ખેડૂત હયાત કેનાલના માળખામાંથી પાણી મેળવી, માઇક્રો ઈરીગેશન સીસ્ટમ મારફતે સિંચાઇ કરતા, રાજ્યના તમામ ખેડૂતોને રાહત આપવાના હેતુથી આ બાબતે કાળજીભરી વિચારણાના અંતે **પ્રવર્તમાન સિંચાઈના દરમાં ૫૦ % રાહત આપવાનું ઠરાવવામાં આવે છે(કુલ દરના ડ્રીપ ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરના ૧૭.૫ ટકા દર અને સ્પ્રીંકલર ઈરીગેશન માટે વહેણ સિંચાઈના દરોના ૩૨.૫ ટકા દર).**

આ હૂકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૪/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અનુસંધાને પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(એ.ડી.પરમાર)

ઉપસચિવ (જળ સંપત્તિ)

નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો .
- નર્મદા,જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગના સર્વે સચિવશ્રીઓ /સર્વે મુખ્ય ઈજનેરશ્રી સચિવાલય,ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધીકારીશ્રીઓ.
- નર્મદા,જળસંપત્તિ,પા.પુ.અને કલ્પસર વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ. **(૨ નકલમાં)**

***(તેમના નિયંત્રણ હેઠળના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓને લેખિત સૂચના પાઠવીને આ ઠરાવનો અમલ કરવાની સૂચના પાઠવવા સારૂ)***

- મેનેજીંગ ડિરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર.
- ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય,રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા,(વાલ્મી) ,આણંદ.
- નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિ ભવન,સેક્ટર:૧૦, ગાંધીનગર.
- નાણાં શાખા (જળ સંપત્તિ),બ્લૉક નં-૯/૧, સચિવાલય,ગાંધીનગર.
- નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ.
- માહિતી કમિશનર, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર: ૧૦,ગાંધીનગર.

- મુખ્ય માહિતી અધીકારીશ્રી, નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય ગાંધીનગર. *(આ ઠરાવ જળસંપત્તિ વિભાગની વેબસાઈટમાં મુકવાની ત્વરિત કાર્યવાહી કરવા સારૂં)*
- સિલેક્ટ ફાઇલ.